# વાવોલ રહેતી મહિલાની પતિ સહિત ચાર સામે શારીરિક-માનસિક ત્રાસની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૦

વાવોલમાં રહેતી મહિલાનો પતિ ચારીત્ર પર શંકા રાખી શારીરીક માનસિક ત્રાસ આપી ગાળો બોલી ગડદા-પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા મહિલાએ પતિ, જેઠ, અને બે નણંદ સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહિલાના લગ્ન અમદાવાદ સાયન્સ સીટી પાસે વિંડચિમ્સ એપાર્ટમેન્ટ એચ-૨૦૧ ખાતે રહેતા વિકાસ બાબુલાલ શર્મા સાથે થયા હતા. ત્યારે હાલના સમયે વાવોલમાં રહેતી મહિલા ખાનગી નોકરી કરી ગુજરાન ચલાવે છે. જયારે તેણીના લગ્ન સમાજના રીત રિવાજ મુજબ વર્ષ ૨૦૧૪માં ડિસેમ્બર માસમાં થયા હતા. લગ્ન બાદ મહિલા સંયુકત પરિવારમાં બાપુનગર ખાતે સાસરીમાં રહેવા માટે આવી હતી. પરંતુ લગ્ન બાદ ગણતરીના સમયમાં સાસરીપક્ષના સભ્યો હેરાન પરેશાન કરતા રાણીપ ખાતે ભાડાના મકાનમાં રહેવા માટે મહિલા પતિ સાથે ગઈ હતી. પતિનો વેપાર સરખો ચાલતો ન હોવાથી ઘરનો તમામ ખર્ચ અને ભાડાના પૈસા પણ મહિલા ભરતી હતી. જયારે પતિને પૈસાની જરુરીયાત ઉભી થતા ન આપી શકતા તે મહિલાને ઝઘડો કરી ગાળો બોલી માર મારતો હતો તેમજ મહિલાના પરિવારના સભ્યોને પણ ઝઘડો કરી ધમકીઓ આપતો હતો. પરંતુ લગ્નજીવન તુટે નહી તે માટે મહિલાના પરિવારજનો આર્થિક મદદ પણ કરતા હતા. જયારે મહિલાને તેના બે નણંદોએ પણ હેરાન કરવામાં કોઈ કચાશ છોડી ન હતી. અમદાવાદ ખાતે સતત ઝઘડાથી કંટાળી મહિલાએ વર્ષ ૨૦૨૧માં ગાંધીનગર વાવોલ ખાતે મકાનની ખરીદી કરી હતી.ત્યારબાદ પતિ-પત્નિ શાંતિ થી રહેતા હતા. જયારે વાવોલના મકાનમાં પણ મહિલાને તેના પિતાજીએ રૂ. ૨ લાખની અને તેના ભાઈએ રૂ.૩ લાખનું ફર્નિચર કરાવી આપ્યું હતું. તેમ છતા મહિલા પિયર જવાની વાત કરે ત્યારે પતિ મારઝુડ કરતો હતો. ત્યારે છેલ્લા આઠ વર્ષથી મહિલા પર શંકા રાખી મારઝુડ કરી તેણીના પરિવારના સભ્યોને પણ મારી નાંખવાની ધમકી આપતા મહિલાએ પતિ વિકાસ શર્મા, નણંદ મીનુ રાઠી, સીમા ઈનાની, તેમજ જેઠ રાજેશ મહેશ્વરી સામે ફરીયાદ નોંધાવી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



પહેલા તો આ લોકોએ સ્વાગત કર્યું લાડુ પીરસ્યા અને પછી ઘા કરી ગામ બાર ફેકી દીધો... આ સમજાયું નહી..!!

## માણસા તાલુકાની ઈટાદરા પ્રાથમિક શાળામાં વિકલાંગ દિવસની ઉજવણી



માણસા તાલુકા ની ઈટાદરા પ્રાથમિક શાળા નંબર ૧ માં વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળામાં અભ્યાસ કરતા ૮ દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.પ્રથમ વખત મતદાન કરવા વાળા દિવ્યાંગ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું તથા આઈ.ઈ.ડી શિક્ષક પ્રકાશભાઈ દ્વારા દિવ્યાંગ બાળકો માટે ચાલતી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી સદર કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બી.આર.સી કોઓર્ડીનેટર હાજર રહી સમગ્ર સ્ટાફને સુંદર મજાનો કાર્યક્રમ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.



પર્યાવરણ માટે અત્યંત નુકશાનકારક પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ હોવા છતાં હજુ તેનો ઉપયોગ ખૂબ છૂટથી થાય છે. માટીની મૂર્તિઓના ઉપયોગ બાબતે થોડીક જાગૃતિ ચોક્કસ આવી છે પરંતુ હજુ પીઓપીની મૂર્તિઓ સાવ બંધ થઈ નથી. ગણેશ વિસર્જન કરવામાં આવે છે તે સ્થળે પીઓપીની મૂર્તિઓ લાઈનબંધ મુકી દેવામાં આવી છે.

## ભાદરવી પૂનમે ચિલોડા વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદનું ઝાપટુ

**ડાંગરના પાકને ફાયદો, કપાસમાં નુકસાન થવાના એંધાણોથી ખેડૂતો ચિંતામાં**



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ભાદરવામાં ગણેશોત્સવ અને ભાદરવી પૂનમના દિવસે આજે ૪ વાગ્યાના સમયે અંબાજી પૂનમ ભરવા લાખોની સંખ્યામાં અંબાજી યાત્રાધામે દર્શનાર્થીઓ દર્શન કરવા પહોંચી રહ્યા હતા ત્યારે ચિલોડા નજીક ગિયોડ સ્થિત મીની અંબાજી મંદિર દર પૂનમે લાખોની સંખ્યામાં નરોડા, અમદાવાદ, દહેગામ, માણસા, પ્રાંતિજ તેમજ ચિલોડાના આસપાસના અસંખ્ય પદયાત્રીઓ સવારની અને સાંજની આરતીનો લ્હાવો લેવા હંમેશા આતુરતાથી પસાર થઈ રહ્યા છે. સેવા કેન્દ્રો ધમધમી રહ્યા હતા ત્યારે સાંજે ચાર વાગ્યાના સમયે અચાનક આકાશી કાળા ડિબાંગ વાદળોમાંથી ગાજવીજ સાથે વરસાદનું આગમન થતાં પદયાત્રીઓને મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો હતો. હવે ખરીફ પાકથી ખેતરો લહેરાયાં છે. પાક લગભગ તૈયાર થવાના સમયે ભાદરવો વરસાદથી નુકસાન થશે તેવા સંજોગોથી ખેડૂતની ચિંતામાં વધારો થયો છે.

## ઉમિયા માતાજી સંસ્થાન કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા મીની પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા. ૧૦

ઉમિયા માતાજી સંસ્થાન કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી સુધાબેન એ. પટેલની રાહબરી હેઠળ ૫૮ મહિલાઓ પાવાગઢ, ડાકોર અને ગલતેશ્વર ખાતે એક દિવસીય મીની પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં જોડાયેલી તમામ ભાવિક મહિલાઓએ ધાર્મિક સાથે આનંદ મોજ માણી પ્રવાસના દરેક તીર્થધામોનો ભક્તિસભર દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## મોટી આદરજમાંથી ૫૧ બોટલ દારૂ એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરના મોટી આદરજ ગામે ગીરધરજીના વાસમાં રેઈડ પાડી એલસીબી પોલીસે એક શખ્સને પકડી પાડી તેની પાસેથી વિદેશી દારુની કુલ-૫૧ બોટલ રૂ.૧૧,૫૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પોલીસ મથકના જવાનો પેથાપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે તેઓને બાતમી મળી હતી કે મોટી આદરજ ગામે જીવાજીના વાસમં આવેલા ભરતજી ગાભાજી ઠાકોરના ઘરની બાજુમાં ગામના જશાજી ઉર્ફે એકોલ બકોરજી ઠાકોર પ્લાસ્ટીકની મીણીયાની કોથળીઓમાં વિદેશી દારૂનું વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડી ખુલ્લી જગ્યામાંથી પ્લાસ્ટીકની મીણીયાની કોથળીઓમાંથી પોલીસને વિદેશી દારુની ૫૧ બોટલ મળી આવી હતી.જયારે પોલીસે સ્થળ પરથી જશાજી ઉર્ફે એકોલ બકોરજી ઠાકોર (ઉં.૨૮)ને પકડી પાડ્યો હતો. પોલીસે દારુના જથ્થા અંગે પુછતા શખ્સે આ જથ્થો તેને વિસુલ દરબાર તેની ઈકો ગાડીમાં આપી ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસે વિદેશી દારુની ૫૧ બોટલ કિં.રૂ.૧૧,૫૬૦ સાથે એક શખ્સને પકડી પાડી બે શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## શ્રી ગજાન સેવા સમિતિ દ્વારા ત્રણ શાળાઓમાં વિદ્યાર્થીઓને વિવિધ સામગ્રી વિતરણ

ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડાની જાભચિતરીયા, જાભવર્ગ તથા ગઠીયા પ્રાથમિક શાળામાં વિવિધ સામગ્રીનું વિતરણ કર્યુ હતું.

કુલ ૧૮૫ બાળકોને નોટબુક, ફૂલસ્કેપ, પેન્સીલ, પેન, ચપ્પલ વિગેરે વસ્તુ આપી હતી. ધો. ૧ થી ૭માં પ્રથમ આવનાર તમામ વિદ્યાર્થીને દફતર આપ્યા હતા. જય અંબે તથા શિવોહમ તરફથી મળેલ નાસ્તો પણ આપ્યો હતો. મિલિન્દભાઈ, નિખીલભાઈ, બકુલભાઈ તથા ભીમજીભાઈ સાથે રહ્યા હતા.

## આંતરરાષ્ટ્રીય સોફ્ટ ટેનીસમાં શહેરના યુવકે બ્રોન્ઝ મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૦

પરમાર હર્ષદિપસિંહ જસુભાએ થાઈલેન્ડ ખાતે રમાયેલી વર્લ્ડ ટૂર આંતરરાષ્ટ્રીય સોફટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો. ગાંધીનગરમાં વસવાટ કરતા હર્ષદિપસિંહ પરમારે ભારતની ટીમમાંથી રમીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. થાઈલેન્ડથી પરત આવતા જ હર્ષદિપસિંહએ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેનિસ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ તેમાં ફાઈનલિસ્ટ રહ્યા હતા જે અમદાવાદ ખાતે યોજાઈ હતી.



## પેથાપુર સરકારી શાળાના વિદ્યાર્થીઓએ બેંકની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરની જીઈબી કોલોની ખાતે આવેલી ગાંધીનગર નાગરીક કો.ઓ. બેંકની પેથાપુર સરકારી શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શૈક્ષણિક હેતુસર મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બેંકના મેનેજર ભરતસિંહ બિહોલા તેમજ અધિકારી સુરેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને બેંકના રોજીંદા કામકાજ વિશે તેમજ બેંકની ઉપયોગીતા અંગે ખુબજ ઉંડાણપૂર્વક સમજણ પૂરી પાડી હતી. જ્યારે બેંકિંગ અધિકારી અને સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓ માટે ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## યુથ એશિયન ફેન્સીંગ ચેમ્પિયનશીપમાં અજયસિંહ ચુડાસમા-અનિતા વણઝારાની પસંદગી





તાજેતરમાં સંસ્કારધામ અમદાવાદ ખાતે યોજાયેલ આગામી યુથ એશિયન ફેન્સીંગ ચેમ્પિયનશીપ-૨૦૨૨ માટે ભારતીય ટીમની પસંદગી સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાતના બે ખેલાડીની પસંદગી થઈ છે. જેમાં ભાઈઓના વિભાગમાં અજયસિંહ ચુડાસમાએ પસંદગી સ્પર્ધામાં પ્રથમ રેન્ક મેળવી ભારતીય ટીમમાં સ્થાન પાકુ કર્યુ હતું. જ્યારે બહેનોના વિભાગમાં અનિતા વણઝારાએ દ્વિતિય રેન્ક મેળવી ભારતીય ટીમમાં સ્થાન નક્કી કર્યુ હતું. આ પસંદગી સ્પર્ધામાં પ્રથમ ચાર રેન્ક મેળવનાર ભાઈઓ અને બહેનોની ભારતીય ટીમ માટે પસંદગી કરવામાં આવી છે.

### શહેરમાં ભરબપોરે સેકટર-૧૬માં લુંટની ઘટના

## વડીલને છરી દેખાડી મોબાઈલ રોકડ લઈ લુંટારૂઓ ફરાર

ગાંધીનગર, તા.૧૦

જયાંથી રાજયભરમાં સલામતીના આદેશો છુટે છે. તે પાટનગરમાં વડીલોની સલામતી સામે પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. શહેરના સેકટર-૧૬ માહિતી કમિશનરની કચેરી પાસે ભર એકટીવા પર સવાર વડીલને આંતરીને ચાર શખ્સો અંડરપાસના પડેલા મોટા ભુંગળામાં ખેંચી ગયા હતા. જયાં વડીલને ડરાવી ધમકાવી શર્ટમાંથી રોકડ રૂ.૨૦૦ તેમજ રૂ.૫૦૦૦ ની કિંમતનો ફોન ચોરી લુંટારૂઓ ફરાર થઈ ગયા હતા. ભર બપોરે વડીલને લુંટી લેવાની ઘટના બનતા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ પ્લોટ નં.૧૩૦-૨ ખાતે રહેતા દશરથભાઈ રેવનદાસ પટેલ નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ બ્લોક નં.૯ નવા સચિવાલય ખાતે ડીવાયએસઓના પદ પરથી નિવૃત થયા છે. ગઈકાલે બપોરના બાર વાગે ઘરેથી નીકળી એસબીઆઈ બેંક સચિવાલય ખાતે જવા માટે નીકળ્યા હતા. તે સમયે ખ માર્ગ ઓળંગીને સેકટર-૧૫ ફતેપુરા થઈને સેકટર-૧૬માં પ્રવેશ્યા હતા. તે સમયે માહિતી કમિશનરની કચેરી પાસે બે બાઈક પર રહેલા ચાર શખ્સો મોંઢે રૂમાલ બાંધી ઉભા હતા. આ શખ્સોએ એકટીવાને આંતરી ઉભુ રખાવી વડીલને નજીકના મોટા ભુંગળા તરફ લઈ ગયા હતા. બે શખ્સોએ વડીલને છરી બતાવતા ડરી ગયા હતા. વડીલના શર્ટના બટન પણ તેઓએ તોડી નાંખ્યા હતા. શખ્સોએ તારી પાસે જે હોય તે આપી દે નહીતર જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી હતી. જેથી ગભરાઈ ગયેલા વડીલ કંઈ બોલી શકે તેવી સ્થિતિમાં ન હતા. ત્યારે બે શખ્સોએ તેમને પકડી રાખી બીજા લુંટારૂઓએ તેમના ખિસ્સામાંથી મોબાઈલ ફોન અને રોકડા રૂ.૨૦૦ લુંટ ચલાવી હતી. ત્યારબાદ ચાર શખ્સો નાસી છુટ્યા હતા. ત્યારબાદ ગભરાયેલી હાલતમાં વડીલ ઘરે પહોંચતા બનાવની વાત તેમના દિકરાને જણાવી હતી. આ સમગ્ર મામલે વડીલને ફરીયાદ નોંધી સેકટર-૨૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- સાત દિવસ બાદ જિલ્લામાં આજે વરસાદ થતાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં જુદા જુદા સ્થાનોએ પરકોરેશન વેલ બનાવવાની વાત મનપા વિસરી ગઈ.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૪ ડિગ્રી નોંધાયો હતો, જો કે ભારે ઉકળાટ પછી બપોરના ૩.૩૦ વાગે વરસાદ શરૂ થતાં લોકોએ રાહત અનુભવી હતી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૫૦૦થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- દહેગામના ઈસનપુર ડોડીયા ગામે ભત્રીજાએ ચપ્પા વડે કાકા પર અંગત અદાવતમાં હુમલો કર્યાની ઘટનાએ તાલુકામાં ચર્ચા જગાવી છે.
- આજે રજાના દિવસે પણ જિલ્લામાં ઘણી કચેરીઓ કાર્યરત રહી હતી.
- આજે રજાનો દિવસ હોવા છતાં રાજ્યના રમત-ગમત મંત્રીએ ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવને લઈ તૈયારીઓની સમીક્ષા વિડીયો કોન્ફરન્સ યોજી અને કરી હતી.
- કલોલની એક કેમિકલ ફેક્ટરીમાં સંચાલકો સામે દૂષિત પાણી છોડવાના મામલે પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને પોલીસે રેઈડ કરી હતી.
- ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૧ માર્ચથી ૯ સપ્ટેમ્બર દરમ્યાન અગ્નિ સંસ્કાર થયા હોય તથા જેમના અસ્થિકુંભમાં પધરાવેલ હોય તેમના સ્વજનો માટે આજે પુષ્પાંજલિ અને પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું.
- સે. ૨૮ ખાતે ગાંધીનગર આઈ.ટી.આઈ. દ્વારા ૧૨મીએ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.
- સે. ૩૦ કેટેગરી જ-૨ ખાતે નવરાત્રિ સમિતિના પ્રમુખ તરીકે ભાવેશદાન ગઢવીની વરણી કરવા સાથે નવી ટીમની રચના કરવામાં આવી છે.


વંચિતોની પ્રગતિનો નિર્ધાર

ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

રાજ્ય સરકારનો મક્કમ પ્રયાસ

ડબલ એન્જિન સરકાર, સપના સાકાર



વર્ષ ૨૦૨૨-૨૩ વિકસતી જાતિના ઉજ્જવળ ભવિષ્ય માટે સંવેદનશીલ સરકારના કલ્યાણકારી નિર્ણયો

- ધો.1 થી 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાર્ષિક શિષ્યવૃત્તિના દરમાં ક્રમિક રૂ.250નો વધારો કરી રૂ. 750/રૂ.1000 તેમજ ગણવેશ સહાયમાં રૂ.300નો વધારો કરી વાર્ષિક રૂ.900 ચુકવાશે.
- ડિગ્રી/એન્જિનીયરીંગના માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન સહાયમાં રૂ. 3,000નો વધારો કરીને રૂ. 8,000 કરવામાં આવ્યા.
- ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો અને આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીદીઠ માસિક નિભાવ ભથ્થામાં રૂ.660નો વધારો કરી માસિક રૂ. 2160 કરવામાં આવ્યા.
- ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના કર્મચારીઓના માસિક વેતનમાં વધારો કરવામા આવ્યો તેમજ મકાન ભાડા પેટે આપવામા આવતી વિદ્યાર્થીદીઠ માસિક ગ્રાન્ટમાં વધારો કરી બમણી કરવામાં આવી.
- પી.એચ.ડી.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અપાતી સહાયમા રૂ. 70,000નો વધારો કરી પ્રતિ વિદ્યાર્થી માટે રૂ. 1 લાખ કરવામા આવી.
- વિદેશમાં અભ્યાસ માટે લોન યોજના
  - ધોરણ–12માં 60% કે તેથી વધુ ગુણ ધરાવતા, 1 વર્ષ કે તેથી વધુ સમયના તમામ અભ્યાસક્રમો માટે
  - વિદ્યાર્થી હવે વિદેશ ગયા બાદ પણ 6 (છ) માસ સુધી અરજી કરી શકશે,
  - વિદેશમાં સ્થાયી થઇ શકશે,
  - એક જ પરિવારના હવે બે વિદ્યાર્થીઓને લાભ મળી શકશે,
  - એક જ સદ્ધર જામીન રજુ કરવાના રહેશે.
- કુંવરબાઇનું મામેરું યોજના
  - હવેથી કુંટુબની કુલ બે કન્યા સુધી તેમજ પુન: લગ્નના કિસ્સામાં પણ લાભ મળવાપાત્ર છે.
- કુંવરબાઇનું મામેરું યોજના/સાતફેરા સમૂહ લગ્ન યોજના
  - સ્થળ તપાસણી રદ કરવામા આવી
  - હવે માત્ર 4 ડોક્યુમેન્ટના આધારે અરજી મંજૂર કરવામાં આવશે.
- વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને રાજય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા માટે બજેટમાં રૂ.75.00 કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વિવિધ શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓ માટે રૂ.500 કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ અંતર્ગત મહત્ત્વની યોજનાઓમાં હાંસલ કરેલ સિદ્ધિઓ

- શૈક્ષણિક યોજનાઓ અંતર્ગત કુલ 47.44 લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. 651.70 કરોડનો ખર્ચ.
- ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો/સરકારી છાત્રાલયો/આશ્રમશાળાઓ/આદર્શ નિવાસી શાળાઓમાં 73,595 વિદ્યાર્થીઓ માટે રૂ. 156.25 કરોડનો ખર્ચ.
- વિદેશ અભ્યાસ લોન હેઠળ રૂ. 24.54 કરોડનો ખર્ચ કરી 476 વિદ્યાર્થીઓને લાભ આપેલ છે.
- કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત 35065 કન્યાઓ માટે રૂ. 37.69 કરોડની સહાય તથા સાત ફેરા સમુહ લગ્ન યોજના અંતર્ગત 1387 યુગલોને રૂ. 1.89 કરોડની સહાય આપેલ છે.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત 1,47,578 કન્યાઓને વિનામૂલ્ય સાયકલ આપવામાં આવી.
- પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના 14531 લાભાર્થીઓને રૂ. 135.51 કરોડની સહાય આપવામાં આવી છે.



નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર